ADVANCE BANKING XII

UNIT 3

ચેકની ચુકવણી

➢ **પ્રાસ્તાવિક**

બેંકર જયારે એના ગ્રાહકનું ચેક સીસ્ટમવાળું ખાતું-બચત ખાતું કે ચાલુ ખાતું – ખોલે છે ત્યારે એના ગ્રાહકે લખેલા ચેકનાં નાણાં ચૂકવવાની જવાબદારી તે સ્વીકારે છે. ચેક એટલે જે બેંક પર તે ચેક લખવામાં આવ્યો હોય તે બેંકને ચેકમાં દર્શાવેલી રીતે નાણાંની અમુક ચોક્કસ રકમ ચૂકવવાનો ચેક લખનારનો હુકમ. જો બધી બાબતો બરાબર હોય તો ગ્રાહકે લખેલા ચેકનાં નાણાં ચૂકવવાની બેંકરની ફરજ છે. બેંકર-ગ્રાહક વચ્ચેના કરારની એ એક ગર્ભિત શરત છે. સર જહોન પેજેટના શબ્દોમાં, "બેંકરની આ ફરજને બેંકર અને ગ્રાહક વચ્ચેના ગર્ભિત કરારની મુખ્ય શરત ગણવી જોઇએ."

જે બેંક પર ચેક લખવામાં આવ્યો હોય તેને drawee Bank કહેવામાં આવે છે, જયારે drawee bank પાસે ચેક ચુકવણી માટે રજૂ થાય ત્યારે બેંકરના હક્ક અને ફરજના અનુસંધાનમાં તેને નાણાં ચૂકવનાર બેંકર paying banker કહેવામાં આવે છે.

➢ **ચેકની ચુકવણી અટકાવવા અંગેનો ગ્રાહકનો હુકમ (Countermanding Payment of a Cheque):**

જે ગ્રાહકે ચેક લખ્યો હોય તે ગ્રાહક એ ચેકની ચુકવણી થઇ જાય તે પહેલાં કોઇ પણ સમયે તે ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના બેંકરને આપી શકે. આવી સૂચનાને Countermanding payment of a cheque કહેવામાં આવે છે. જો ગ્રાહક બેંકરને ચેકના નાણાં નહીં ચૂકવવાની સૂચના આપે તો ચેકનાં નાણાં નહીં ચૂકવવાની બેંકની ફરજ છે. જો બેંકર એવા ચેકના નાણાં ચૂકવે તો તેના ગ્રાહકને તે જવાબદાર બને છે. (બી. અમીચંદ વિ. એસ. ભોપટ્ટી B. Amichand V. S. Bhopatti ના કેસના ચુકાદા તથા સૈયદ મોહમ્મદ યાકુબ વિ. ઇમ્પીરીયલ બેંક ઑફ ઇન્ડિયાના કેસના ચુકાદા અનુસાર) બેરર ચેકની બાબતમાં તે ધરાવનારને તેનાં નાણાં ચૂકવવામાં આવે તે પહેલાં ગમે ત્યારે ગ્રાહક આવી સૂચના આપી શકે. ચેમ્બર વિ. મિલરના કેસના ચુકાદા અનુસાર. જે ચેક ક્લિયરિંગ મારફત વસૂલ થવાનો હોય તેવા ચૂકની બાબતમાં તે ક્લિયરિંગમાં પાસ થઇ જાય તે પહેલાં આવી સૂચના આપવી જોઇએ.

આવી સૂચના આપવાનો અધિકાર ગ્રાહકને કાયદા દ્વારા મળેલો છે. આથી બેંકર એના ગ્રાહક સાથે કરાર કરીને એના આવા અધિકાર પર પ્રતિબંધ મૂકી શકે નહીં. આવો કરાર ગેરકાયદેસર ગણાય છે.

ઇંગ્લેન્ડના બીલ ઓફ એક્સચેન્જ એકટમાં આવી રીતે Countermanding payment of a cheque અંગે જોગવાઇ છે. ભારતના શાખી વિનિમયપત્ર ધારામાં આવી કોઇ જોગવાઇ નથી. પરંતુ ગ્રાહકની આવી સૂચના વિરુદ્ધ બેંકરે કરેલ ચુકવણી યથાર્થ ચુકવણી ગણાતી નથી.

ચેકની ચુકવણી અટકાવવા અંગેનો હુકમ આપતી વખતે ગ્રાહકે ચેક અંગેની સંપૂર્ણ વિગત- પોતાનો ખાતા નંબર, ચેકનો નંબર – તારીખ – પેયીનું નામ – અને ચેકની રકમ – બેંકરને લેખિત આપવી જોઇએ. વેસ્ટ મિન્સ્ટર બેંક લિમિટેડ વિ. હિલ્ટનના કેસમાં ચુકવણી અટકાવવા માટેનો હુકમ આપતી વખતે ગ્રાહકે ચેકનો નંબર ખોટો દર્શાવ્યો હતો. ગ્રાહક જે ચેકનાં નાણાંની ચૂકવણી અટકાવવા માંગતો હતો તે ચેક રજૂ થયો અને બેંકરે તેનાં નાણાં ચૂકવી દીધા. ગ્રાહકે જે નંબરના ચેકની ચુકવણી અટકાવવા માટેનો હુકમ આપ્યો હતો તેના પછીના નંબરવાળો એ ચેક હતો. ગ્રાહકે બેંકની સામે દાવો માંડયો પણ ચુકાદો બેંકની તરફેણમાં આવ્યો. ન્યાયાધીશે ચુકાદામાં જણાવ્યું કે “ચેક પરનો નંબર એ તેની ઓળખ માટેનો ચોક્કસ પુરાવો છે. એક જ વ્યકિતની તરફેણમાં સરખી જ રકમના લખાયેલા અનેક ચેક હોઇ શકે પણ અમુક ચોક્કસ નંબરવાળો ચેક તો એક જ હોઇ શકે.'' આથી જયારે ચુકવણી અટકાવવાના હુકમમાં ચેકનો નંબર દર્શાવવામાં આવ્યો હોય ત્યારે બેંકની સ્થિતિ વધારે સલામત બને છે. કેટલીક વાર એવું બને છે કે ગ્રાહક એવી સૂચનાની નોંધ તાત્કાલિક લેવાય એવું ઇચ્છતો હોય. એ માટે તે તાર કે ટેલિફોનનો ઉપયોગ કરે છે. ખાસ કરીને જયારે ગ્રાહક બહારગામ હોય ત્યારે આવી શક્યતા ઊભી થાય છે.

આવી વખતે એવી સૂચના ગ્રાહક તરફથી જ મળી છે એની ખાસ ચકાસણી બેંકરે કરવી જોઇએ અને શક્ય હોય તેટલી જલદી લેખિત સૂચના મેળવી લેવી જોઇએ. ગ્રાહક જયારે તારથી સૂચના મોકલે ત્યારે સંપૂર્ણ વિગત દર્શાવવી જોઈએ. જયારે ટેલિફોનથી આવી સૂચના મળે ત્યારે બેંકરે સંપૂર્ણ માહિતી મેળવી લેવી જોઇએ, એટલું જનહીં પણ ગ્રાહકની ઓળખાણ મેળવી લેવાનો પણ પ્રયત્ન કરવો જોઇએ. લેખિત સૂચના વગર બેંકર ચેકનાં નાણાં ચૂકવવાનો ઇનકાર કરી શકે નહીં. વળી ટેલિફોન પર અથવા તાર દ્વારા મળેલી સૂચના તે અવગણી શકે પણ નહીં. આવા સંજોગોમાં જયારે ચેક ચુકવણી માટે રજૂ થાય ત્યારે Payment stopped by phone/telegram-written confirmation awaited." એવી સૂચના સાથે બેંકર ચેક પરત કરે છે. કટીસ વિ. લંડન સિટી એન્ડ મીડલેન્ડ બેંક લિ. ના કેસમાં ગ્રાહકે ડ્રેકનાં નાણાંની ચુકવણી અટકાવવાનો હુકમ તાર દ્વારા મોકલ્યો હતો. બેંક બંધ થયા પછી તાર આવ્યો હોવાથી બેંકના લેટર બોમાં તે મૂકવામાં આવ્યો હતો. બીજે દિવસે લેટર બોક્સમાંથી તાર કાઢવાનું શરતચૂકથી રહી ગયું અને બેંકે તે ચેકના નાણાં ચૂકવી દીધાં. ગ્રાહકે બેંક સામે દાવો માંડયો. ન્યાયાધીશે ચુકાદામાં જણાવ્યું કે જયાં સુધી એવા હુકમની જાણ બેંકને થાય નહીં ત્યાં સુધી

ચુકવણી અટકાવી શકાય નહીં, ચુકવણી અટકાવવાનો અનુમાનિત હુકમ હોઇ શકે નહીં. અલબત્ત બેંકને બેદરકારી બદલ જવાબદાર ગણવામાં આવી હતી પણ તે બદલ ગ્રાહકને નામનું જ વળતર મળ્યું.

ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના બેંકરને મળે એટલે તરત જ બેંકરે તે સૂચનાપત્ર પર મળ્યાની તારીખ અને સમય નોંધી લેવા જોઇએ. ચેક લખનારને પણ તેની લેખિત પહોંચ મોકલી આપવી જોઇએ. આવી સૂચના આપતા પત્ર પરની સહી બેંકરે તેની પાસેના નમૂનાની સહી સાથે સરખાવી લેવી જોઇએ. તે એના ગ્રાહકની જ સહી છે તેની એણે ખાતરી કરી લેવી જોઇએ. આવો સૂચનાપત્ર મળે તે પહેલાં ચેકનાં નાણાં ચૂકવાઇ ગયાં છે કે કેમ તેની એણે ખાતાવહી પરથી તપાસ કરી લેવી જોઇએ, સૂચના મળે તે પહેલાં જો ચેકનાં નાણાં ચૂકવાઇ ગયા હોય તો તરત જ ગ્રાહકને તે બાબતની જાણ કરી દેવી જોઇએ. જો ચેકનાં નાણાં ચૂકવાયા નહીં હોય તો stop payment રજિસ્ટરમાં તેની નોંધ કરવામાં આવે છે અને લેજર ક્લાર્કને પણ તેની જાણ કરવામાં આવે છે. જે ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના મળી હોય તેની સંપૂર્ણ વિગત દર્શાવતી સ્લીપ ખાતાવહીમાંના તે ગ્રાહકના ખાતા પર લગાડવામાં આવે છે. જયારે એવો ચેક ચુકવણી માટે રજૂ થાય ત્યારે 'Payment stopped by drawer' એવા શબ્દ મોટા અક્ષરે ચેક પર લખવામાં આવે છે અને રિટર્ન મેમો સાથે તે ચેક રજૂ કરનારને પરત કરવામાં આવે છે . સ્ટોપ પેમેન્ટ રજિસ્ટરમાં પણ આ વિગત નોંધવામાં આવે છે.

બેંકરને લેખિત પત્ર મોકલી ગ્રાહક ચેકનાં નાણાં નહીં ચૂકવવાની પોતાની અગાઉની સૂચના રદ કરી શકે છે. ચેકનાં નાણાં નહીં ચૂકવવવાની સૂચના ગ્રાહક તરફથી રદ થાય એટલે એવા ચેકનાં નાણાં બેંકર ચૂકવી શકે છે. પણ સલામતીના હેતુ માટે બેંકર ગ્રાહકને એ ચૂક રદ્દ કરી નવો ચેક લખવાની સલાહ આપે છે.

ગ્રાહકની સૂચનાનો અનાદર કરીને જે બેંકર ચેકનાં નાણાં ચૂકવે છે તે બેંકર ચેકની રકમ માટે પોતે જ જવાબદાર ઠરે છે. એવા ચેકની ચૂકવેલી રકમ ગ્રાહકને ખાતે ઉધારી શકાતી નથી. આથી ગ્રાહક તરફથી આપવામાં આવેલી સૂચનાનું પાલન કરવાની બેંકરે ખાસ કાળજી રાખવી જોઇએ. જો આવી સૂચના મળે તે પહેલા બેંકરે ચેકનાં નાણાં ચૂકવી દીધાં હોય તો તેને માટે બેંકર જવાબદાર ઠરતો નથી.

આવી રીતે ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના આપવાનો અધિકાર ફક્ત ચેક લખનારને જ છે. પેયી અથવા એન્ડોર્સીને આવી સૂચના આપવાનો અધિકાર નથી. કેટલીકવાર પેયીથી ચેક

ખોવાઇ જાય તો તે એવા ચેકનાં નાણાં નહીં ચૂકવવાની વિનંતી બેંકરને કરે છે. આ સંજોગોમાં ચેક ચૂકવણી માટે રજૂ થાય તો પૂરતી તપાસ કર્યા વગર બેંકર ચેકનાં નાણાં ચૂકવી શકતો નથી. વળી ચેક લખનારની સંમતિ વગર ચેકનાં નાણાં ચૂકવવાનું બંધ પણ રાખી શક્તો નથી. આવે વખતે બેંકરે પેયીને ચેક લખનાર પાસેથી જરૂરી સૂચના લાવવાનું કહેવું જોઇએ. ચેક ગુમ થવા અંગે પૈથીએ ભેંકરને જાણ કરી હોય તેની માહિતી બેંકર ગ્રાહકને મોકલી આપે છે. બેંકરે એના ચોપડામાં પણ ખોવાઇ ગયેલા ચેકની વિગતની નોંધ કરવી જોઇએ. જો આવો ચેક ચુકવણી માટે રજૂ થાય તો "Cheque reported lost. Drawer's instructions awaited – એવા મેમા સાથે પરત કરવો જોઇએ.

કેટલીકવાર માલની ખરીદી કરી તેની સામે ગ્રાહકે ચેક આપ્યો હોય. માલની ડિલિવરી ન મળે ત્યારે અથવા માલ હલકી જાતનો માલૂમ પડે અથવા જથ્થો ઓછો નીકળે ત્યારે ગ્રાહક એ માલ પેટે આપેલા ચેંકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના બેંકરને આપે છે. એવી સૂચના મળ્યા છતાં જો શરતચૂકથી બૅંકરથી ચેકનાં નાણાં ચૂકવાઇ જાય તો બેંકર તેવા બૅંકની રકમ ગ્રાહકને ખાતે જમા કરી માલનો કબજો ગ્રાહક પાસેથી માંગી શકે છે.

જયારે બેંકની એક જ શાખામાં ગ્રાહકના એક કરતાં વધારે ખાતાં હોય ત્યારે દરેક ખાતાં પર આવા હુકમની નોંધ કરી લેવી જોઇએ.

બેંકની જુદી જુદી શાખામાં ગ્રાહકના ખાતાં હોય તો ચેકની ચુકવણી અટકાવવાનો હુકમ આપતી વખતે બેંકની કઇ શાખા પર ચેક લખવામાં આવ્યો છે તેની ગ્રાહકે સ્પષ્ટ માહિતી આપવી જોઈએ.

પણ જો નાણાંની ચૂકવણી અટકાવવાનો હુકમ સ્પષ્ટ નહીં હોય તો તેવા ચેકનાં નાણાં ચૂકવવાનું બેંકરે અટકાવવું જોઇએ નહીં. જો ચૂકની વિગત અને નાણાં નહીં ચૂકવવાના હુકમ ની વિગત વચ્ચે વિસંગતતા હોય અને એવા ચકના નાણાં બૅંકરે ચૂકવી દીધા હોય તો બેંકર જવાબદાર કરતો નથી અને ચેકની રકમ ગ્રાહકને ખાતે ઉધારી શકે છે. નાણાં નહીં ચૂકવવાના વિસંગતતાવાળા હુકમને કારણે બીજા કોઇ ચેકનાં નાણાં ચૂકવવાનો બૅંકર ઇનકાર કરે તો તે અયોગ્ય નકાર માટે જવાબદાર ઠરે છે.

જયારે ચેક લખનાર (drawer)ની વિનંતી અનુસાર ચેક પર નિશાની (Marking) કરવામાં આવી હોય ત્યારે એવા ચેકનાં નાણાં ચૂકવવાનો બૅંકરે ઇનકાર કરવો જોઇએ નહીં.

રીડ વિ. રૉયલ બેંક ઑફ આયર્લૅન્ડના કેસમાં વાદીના બેંકમાં બે ખાતાં હતાં. તેણે એક ખાતા પર ચેક લખ્યો હતો, જેનાં નાણાંની ચુકવણી અટકાવવા માટે તેણે તાર દ્વારા સૂચના આપી હતી. બેંકના કલાર્ક એની નોંધ ગ્રાહકના એક જ ખાતા પર કરી, પણ ચેકનાં નાણાં ચૂકવાઇ ગયાં અને તેની

રકમ બીજા ખાતે ઉધારવામાં આવી. ચેકના લખનારે બેંક સામે દાવો માંડયો. ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે બેંકરે કરેલી ચુકવલી ગ્રાહકના હુકમ વિરુદ્ધ કરવામાં આવેલી ચુકવણી હોવાથી બૅંકર ચેકનાં નાણાં ગ્રાહકને ખાતે ઉધારી શકે નહીં.

➢ **<u>ચેકનો નકાર (Dishonour of a cheque) :</u>**

બેંકર અને ગ્રાહકના સંબંધની એક મહત્વની લાક્ષણિકતા એ છે કે યોગ્ય રીતે લખાયેલા ગ્રાહકના ચેકનાં નાણાં, જો ગ્રાહકનાં ખાતામાં પૂરતી સિલક હોય અને બેંકર પાસે તે યોગ્ય સમયે રજૂ કરાયો હોય તો, ચૂકવવાની ભેંકરની કાયદેસરની જવાબદારી છે. જો કોઈ પણ જાતના વ્યાજબી કારણ સિવાય બેંકર ચેંક નકારે તો બૅંકર જવાબદાર ગણાય છે.

આમ છતાં પણ કેટલાક સંજોગો એવા હોય છે, જેમાં બેંકર ચેક નકારે તો તે જવાબદાર ગણાતો નથી. આવા સંજોગો બે પ્રકારના હોય છે. કેટલાક સંજોગોમાં બેંકર એક્નો નકાર કરી શકે છે, જયારે કેટલાક સંજોગો એવા હોય છે જેમાં બેંકરે ચેકનો નકાર કરવો જ પડે છે.

(અ) કયા સંજોગોમાં બેંકર ચેકનો નકાર કરી શકે:

૧. ચેકનાં નાણાં ચૂકવવા માટે ગ્રાહકના ખાતામાં પૂરતી સિલક ન હોય અને ગ્રાહકે બેંકર સાથે વ્યવસ્થા કરી નહીં હોય. આવે વખતે ગ્રાહકનો ચૂંક નકારવામાં આવે તો બેંકરની કોઇ જવાબદારીથ ઊભી થતી નથી.

૨. જયારે ચેક બેંકના કામકાજના સમય દરમિયાન રજૂ થયો નહીં હોય.

૩. બૅંકની જે શાખામાં ગ્રાહકનું ખાતું હોય તે શાખા પર લખાયેલો ચેક બેંકની બીજી શાખાએ ચુકવણી માટે રજૂ થયો હોય.

૪. ચેક રદબાતલ ચૅક (Stale cheque) હોય.

૫. ચેક યોગ્ય રીતે લખાયેલો ન હોય, ચેકનું ફૉર્મ બરાબર ન હોય અથવા ચેક પરની સહી નમુનાની સહી સાથે મળતી આવતી ન હોય અથવા કાબ્દમાં અને આંકડામાં લખેલી રમમાં ફેર પડતો હોય.

૬. જયારે ગ્રાહકના ખાતાની સિલક પર ખાતાં ભેગાં કરવાના અધિકારનો (set off) અથવા લિયનના અધિકારનો ઉપયોગ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય ત્યારે ગ્રાહકના ખાતે આવા અધિકાર માટે જોઇતી રકમ ઉપરાંતની બાકીની સિલક કરતાં વધારે રકમના ચેક સ્વીકારવાનો બેંકર ઇન્કાર કરી શકે.

૭. સંયુક્ત નામવાળા ખાતા પર લખાયેલા ચેક પર બધા સંયુક્ત ખાતેદારોએ સહી કરી નહીં હોય.

(બ) કયા સંજોગોમાં બેંકરે ચેકનો નકાર કરવો જ પડે:

ગ્રાહકના ખાતામાં પૂરતી સિલક હોય, ચેક યોગ્ય રીતે લખાયેલો હોય તો પણ નીચેના સંજોગોમાં બેંકરે ગ્રાહકનો બેંક નકારવો પડે છે. એ સંજોગોમાં તેના પર કાયદેસરનો પ્રતિબંધ આવી જાય છે અને તે ચુકવણી કરી શકતો નથી.

(૧) જયારે ગ્રાહકે ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના બેંકરને આપી હોય :

જયારે ગ્રાહકે ચેકનાં નાણાં નહીં ચૂકવવાની સૂચના બેંકરને આપી હોય ત્યારે બેંકરે એવા ચેકનાં નાણાં ચૂકવવાનો ઇનકાર કરવો જ પડે છે.

(૨) ગ્રાહક મૃત્યુ પામ્યો હોય અને બેંકને તેના મૃત્યુની જાણ થઇ હોય:

મૃત્યુ પામેલા ગ્રાહકના ખાતાં પર લખાયેલા ચેકની ચુકવણી બેંકરે બંધ કરી દેવી જોઇએ કારણ કે ચેકનાં નાણાં ચૂકવવાના આદેશનો ગ્રાહકના મૃત્યુથી અંત આવે છે. ગ્રાહક મૃત્યુ પામે એટલે એના ખાતાની સિલક એના કાયદેસરના વારસદારને ચૂકવવાની હોય છે. આથી બેંકરે મૃત્યુ પામેલા ગ્રાહકનાં ખાતાનાં વ્યવહારો સ્થગિત કરી દેવા જોઇએ. જયાં સુધી ગ્રાહકના મૃત્યુની ખબર બેંકરને મળી ન હોય ત્યાં સુધી બેંકર ચેક ચૂકવી શકે છે અને ચેકની રકમ ગ્રાહકને ખાતે ઉધારી શકે છે.

(3) ગ્રાહકની નાદારી

ગ્રાહકની નાદારીની માહિતી બેંકરને મળે એટલે બેંકરે ગ્રાહકના ખાતાના વ્યવહારો બંધ કરી દેવા જોઇએ. નાદારની મિલક્ત ઓફિસિમ્પલ રિસીવરના હાથમાં આવે છે જે એનાં નાણાં ઊપજાવી કાયદાની જોગવાઇ અનુસાર તેની વહેંચણી કરે છે. આથી ગ્રાહકને નાદાર જાહેર કરવામાં આવ્યો હોય અથવા ગ્રાહકે પોતે અથવા ગ્રાહકના લેણદારોએ તેને નાદાર જાહેર કરવા માટે અરજા કરી હોય તેની બેંકરને જાણ થાય એટલે બેંકરે તેવા ગ્રાહકે લખેલા ચેંકની ચુકવણી બંધ કરી દેવી જોઇએ, નહીં તો તે મુશ્કેલીમાં મુકાય છે.

(૪) ગ્રાહક અસ્થિર મગજનો થયો હોય

ભારતીય કરારધારાની જોગવાઇ અનુસાર સ્થિર મગજવાળી વ્યકિત જ કરાર કરવાને સમર્થ પક્ષકાર ગણાય છે. આથી બેંકરે અસ્થિર મગજવાળી વ્યકિત સાથે વ્યવહાર રાખવા જોઇએ નહીં..

જો બેંકનો કોઇ ગ્રાહક અસ્થિર મગજનો થયો હોય અને બેંકરને તેની ખબર મળે એટલે તરત જ બેંકરે તેના ખાતાના વ્યવહારો સ્થગિત કરી દેવા જોઇએ. ગ્રાહકના મગજની અસ્થિરતા અંગેની અફવા પરથી બેંકરે કોઇ નિર્ણય લેવો જોઇએ નહીં પણ ડોકટરના સર્ટિફિકેટ અથવા કોર્ટના હુકમ દ્વારા અસ્થિરતા અંગેની ચોક્કસ સાબિતી મેળવવી જોઇએ.

ગ્રાહકના મગજની અસ્થિરતા વિષે બેંકરને ભરોસાપાત્ર માહિતી મળે એટલે બેંકરે તેને નાણાં ઉપાડવા દેવાં જોઇએ નહીં. કારણકે ગ્રાહક અસ્થિર મગજનો થાય એટલે ખાતાના વ્યવહાર અંગે આદેશ આપવાનો ગ્રાહકનો અધિકાર સ્થગિત થાય છે. ગ્રાહકનાં મગજની અસ્થિરતાની બેંકરને જાણ થાય તે પહેલાં રજૂ થયેલા ચેકનાં નાણાં બેંકર ચૂકવી શકે છે અને ગ્રાહકને ખાતે ઉધારી શકે છે. પણ ગ્રાહકનાં મગજની અસ્થિરતા અંગે જાણ થયા પછી જો બેંકર ચૂકનાં નાણાં ચૂકવે તો તે માટે બેંકર જવાબદાર ઠરે છે. આવા ચેકની રકમ ગ્રાહકના ખાતે ઉધારી શકાય નહીં. અસ્થિર મગજની વ્યક્તિઓની મિલકતનો વહીવટ કરવા માટે કોર્ટ તરફથી રિસીવર અથવા ઍડ્મિનિસ્ટ્રેટરની નિમણૂંક કરવામાં આવે છે. કોર્ટ પાસેથી નિમણૂંક અંગેની પ્રમાણિત નકલ મેળવ્યા પછી રિસીવર અથવા ઍડમિનિસ્ટ્રેટરે લખેલા ચેકનાં નાણાં બેંકર ચૂકવી શકે છે.

(૫) ઉત્તરમિત્તિ ચેક ચૂકવણી માટે રજૂ થાય :

જો ગ્રાહકે ઉત્તરમિત્તિ બેંક આપ્યો હોય અને એવો ઉત્તરમિત્તિ ચેક એના પરની તારીખ પહેલાં ચુકવણી માટે રજૂ થાય તો બેંકરે તે નકારવો જ જોઇએ.

(૬) ગ્રાહકનાં ખાતાં પર ટાંચનો હુકમ બજાવવામાં આવ્યો હોય (Garnishee Order :

બેંકર-ગ્રાહક વચ્ચેના સંબંધમાં ટાંચનો હુકમ કાયદેસર રીતે અવરોધ ઊભા કરે છે. ગ્રાહ લખેલા ચેકનાં નાણાં ચૂકવવાની બેન્કરની ફરજ પર કામચલાઉ પ્રતિબંધ મુકાઇ જાય છે.

બેંકર પર ટાંચનો હુકમ બજાવવામાં આવે એટલે બેંકરે તે ગ્રાહકના ખાતાની લેવડદેવડ સ્થગિત કરી દેવી જોઇએ. તે ગ્રાહકના ખાતા પર લખાયેલાં ચેક, ટાંચના હુકમની બજવણી પછી, ચુકવણી માટે રજૂ થાય તો તેવા ચેક બેંકરે નકારવા જ પડે છે. આવી રીતે ચેક નકારવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાતું નથી અને બેંકરની કોઇ જવાબદારી ઊભી થતી નથી.

ઊલટું, જો બેંકર કોર્ટના હુકમ વિરુદ્ધ જઇને ગ્રાહકના ખાતામાંથી ચુકવણી કરે તો Judgement creditor ને તે જવાબદાર ઠરે છે.

ટાંચના હુકમની તારીખ પહેલા લખાયેલા પરંતુ ટાંચનો હુકમ મળ્યા પછી ચુકવણી માટે બેંકમાં રજૂ થયેલા ચેકનાં નાણાં પણ બેંકરે ચૂકવવા જોઇએ નહીં. (ગાલબ્રેથ વિ. ગ્રીમશો અને બેક્ટર (Galbraith Vs. Grimshow & Baxter) નામના કેસના ચૂકાદા અનુસાર).

(૭) ખામી ભરેલો માલિકી હક્ક :

ચેંક રજૂ કરનાર વ્યક્તિના માલિકી હક્ક અંગે જો બેંકરને શંકા પડે તો પૂરતી ખાતરી કર્યા વગર બેંકરે એવા ચેકનાં નાણાં ચૂકવવાં જોઇએ નહીં. ચેંક રજૂ કરનારના માલિકીહક્ક ખામી ભરેલા છે એમ બૅંકર નીચેના સંજોગોમાં માની શકે

૧. વેચાણ શેરો અધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હોય એમ લાગતું હોય અથવા વેચાણશેરો ખામી ભરેલો હોય.

2.ભાગીદારી પેઢી ની તરફેણ માં લખાયેલા ચેક ભાગીદારના અંગત ખાતામાં જમા કરવા માટે રજૂ થયા હોય.

૩. જાહેર સંસ્થાઓના નામના ચેક અજાણી વ્યક્તિઓ દ્વારા ચુકવણી માટે રજૂ થયા હોય.

આવા સંજોગોમાં ચેકનાં નાણાં ચૂકવતાં પહેલાં બૅંકરે પૂરતી કાળજી રાખવી જોઇએ અને ચેક રજૂ કરનાર વિષે સંતોષકારક ખાતરી મેળવ્યા પછી જ ચુકવણી કરવી જોઇએ.

(૮) ગ્રાહક તરફથી અધિકારપ્રદાન (એસાઇનમેન્ટ) અંગે સુચના મળી હોય

જો ગ્રાહકે એના બેંક ખાતાની સિલક એસાઇનમેન્ટ ડીડ દ્વારા અન્ય કોઇ વ્યક્તિને આપી હોય અને બેંકરને તેની સૂચના આપવામાં આવી હોય ત્યારે ગ્રાહકનો માલિકી હક્કે મટી જાય છે. આથી એવા બેંક ખાતા પર લખાયેલા ચેકનાં નાણાં બેંકરે ચૂકવવા જોઇએ નહીં. આ રીતે ચેકનો નકાર કરવામાં બેંકરની કોઇ જવાબદારી ઉભી થતી નથી.

(૯) ટ્રસ્ટ ખાતાની સિલકનો દુરુપયોગ થતો હોય એમ લાગે:

જયારે કોઇ ટ્રસ્ટ ખાતા પર લખાયેલો ચેક ચુકવણી માટે રજૂ થાય અને બેંકરને એવી શંકા પડે કે એવો ચેક ટ્રસ્ટનાં નાણાનો દુરુપયોગ કરવાના ઉદ્દેશથી લખાયો છે તો તેવા સંજોગોમાં બેંકરે તેવા ચૂકનાં નાણાં ચૂકવવા જોઇએ નહીં.

(૧૦) ગ્રાહકે ખાતું બંધ કર્યું હોય

જયારે ગ્રાહકે ખાતું બંધ કર્યું હોય ત્યારે બેંકર ગ્રાહક વચ્ચેના સંબંધનો અંત આવે છે. ગ્રાહક ખાતું બંધ કરાવવા માંગતો હોય ત્યારે બેંકરે તેની પાસેથી તે મતલબનું લખાણ લઇ લેવું જોઇએ. ખાતું બંધ કર્યા પછી તે ખાતા પર લખાયેલા ગ્રાહકના ચેકનો બેંકરે નકાર કરવો જ પડે છે.

(૧૧) ભરેલો ચેક વસૂલ થાય તે પહેલાં તેની સામે લખાયેલા ચેક :

બેંકમાં એક કે બીજું કોઇ શાખી વિનિમયપત્ર વસૂલાત માટે ભરવામાં આવ્યું હોય ત્યારે એનાં નાણાં વસૂલ કરી ગ્રાહકને ખાતે જમા કરવા માટે બેંકરને પૂરતો સમય મળવો જોઇએ. બેંકર નાણાં વસૂલ કરી ગ્રાહકને ખાતે જમા કરે તે પહેલાં ગ્રાહક એની સામે બીજો ચેક લખે તો એવા ચેકનાં નાણાં ચૂકવવા માટે બેન્કર બંધાયેલો નથી.

- **<u>નાણાંની યથાર્થ ચુકવણી (કાયદેસરની યોગ્ય ચૂકવણી) (Payment In Due Course) :</u>**

શાખી વિનિમયપત્ર ધારાની કલમ-૧૦માં નાણાંની યથાર્થ ચુકવણીની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે :

"નાણાંની યથાર્થ ચુકવણી એ નાણાંની એવી ચુકવણી છે જે શુદ્ધ દાનતથી, બેદરકારી વગર ઇન્સ્ટ્રુમેન્ટના કબજેદારને ઇન્સ્ટ્રુમેન્ટના પક્ષકારોના દેખીતા ઇરાદા પ્રમાણે એવા સંજોગોમાં કરવામાં આવી હોય કે જેથી ઇન્સ્ટ્રુમેન્ટમાં દર્શાવેલ રકમ મેળવવા માટે તે વ્યક્તિ અધિકારી નથી એવું માનવાને વ્યાજબી કારણ ન હોય."

આમ, બેંકર દ્વારા શાખી વિનિમયપત્રની કરવામાં આવેલી ચુકવણી યથાર્થ ચુકવણી તે સાબિત કરવા માટે નીચેની શરતોનું પાલન થવું આવશ્યક છે :

૧. નાણાંની ચુકવણી પક્ષકારોની સૂચના અથવા તેમના દેખીતા ઇરાદા મુજબ કરવી જોઇએ. આવી સૂચના ઇન્સ્ટ્રુમેન્ટ પર દર્શાવવામાં આવી હોય છે. નાણાં ચૂકવનાર બેંકરે આવી સૂચનાનો અનાદર કરીને નાણાં ચૂકવવા જોઇએ નહીં. દા.ત. ઉત્તરમિતિ ચેકનાં નાણાંની ચેક પરની તારીખ પહેલાં કરવામાં આવેલી ચુકવણી અથવા ક્રોસ્ડ ચેકનાં નાણાંની કાઉન્ટર પર કરવામાં આવેલી ચુકવણી પક્ષકારના દેખીતા ઇરાદા પ્રમાણેની ચુકવણી નથી અને આથી તે નાણાંની યથાર્થ ચુકવણી ગણી શકાય નહિ.

૨. નાણાં ઈન્સ્ટ્રુમેન્ટના કબજેદાર ને ચૂકવવા જોઇએ. ઇન્સ્ટ્રુમેન્ટ રજૂ કર્યા વગર કરવામાં આવેલી ચુકવણી નાણોની યથાર્થ ચુકવણી ગણાતી નથી.

૩. નાણાંની ચુકવણી શુદ્ધ દાનતથી અને બેદરકારી સિવાય કરવી જોઇએ. જો બેંકર perpro શેરો કરનારના અધિકાર વિષે તપાસ કર્યા વગર નાણાંની ચુકવણી કરે તો તે બેદરકાર ગણાય. તે જ પ્રમાણે ત્યાંના સ્થાનિક વિસ્તારમાં પ્રચલિત ન હોય તેવી ભાષામાં શેરો કરવામાં આવ્યો હોય અને કોઇ પણ પ્રકારની તપાસ કર્યા વગર બેંકર નાણાં ચૂકવી દે તો તે બેદરકાર ગણાય છે. પી.સી. ખંડરી વિ.પંજાબ નેશનલ બેંક લિ. (PC, Bhandar| V. Parijab National Bnnk Ltd.) નામના કેસમાં પેયી સાથે થયેલી લંબાણપૂર્વકની વાતચીત ના સંદર્ભમાં ડ્રાઉટ પરના શૅરાની ચકાસણી કરવામાં બેંકરની નિષ્ફળતાને તેની બેદરકારી ગણવામાં આવી હતી અને વિદ્વાન ન્યાયાધિશે બેંકરે કરેલી ચૂકવણીને યથાર્થ ચુકવણી ગણી ન હતી. ન્યાયાધિશે જણાવ્યું હતું કે જો બેંકરે ચકારાણી કરી હતે તો એક બનાવટી શેરો પકડાઇ ગયો હતો.

ચેકના નાણાં ચૂકવતી વખતે બેંકર ગ્રાહકના એજન્ટ તરીકે કાર્ય કરે છે આથી એજન્ટની ફરજોને લગતી કાયદાની જોગવાઇઓનું બેંકરે યથાર્થ પાલન કરવું જોઇએ.

૪. નાણાંની ચૂકવણી એવા સંજોગોમાં કરવી જોઇએ કે જેથી નાણાં મેળવનાર વ્યકિત નાણાં મેળવવા માટે હક્કદાર નથી તે માનવા માટે વ્યાજબી કારણ ન હોય, નાણાં મેળવનાર અંગે બેંકરને શંકા થવી જોઇએ નહીં. જે ચેકનાં નાણાંની ચુકવણી ચેક લખનારે અટકાવી હોય અથવા જે ચેક ખોવાઇ ગયાની કે ગુમ થયાની માહિતી બેંકરને મળી હોય તેવા ચૅકની ચુકવણી યથાર્થ ચુકવણી ગણાતી નથી.

૫. ચુકવણી નાણાંમાં જ થવી જોઇએ. નાણાં મેળવનાર વ્યકિતને ચેક અગર માલ સ્વીકારવાની ફરજ પાડી શકાય નહીં, નાણાંમાં બેંક નોટ અથવા ચલણી નોટનો સમાવેશ થાય છે. તે નાણાં મેળવનાર વ્યક્તિ ચેક સ્વીકારે તો તે યથાર્થ ચુકવણી ગણાય છે.

૬. શાખી વિનિમયપત્ર ધારાની કલમ-૧૦ની જોગવાઇ અનુસાર નાણાંની ચુકવણી કબજેદારને કરવાની છે. નાણાં હોલ્ડરને ચૂકવવા જોઇએ એવી કોઇ જોગવાઇ નથી. આથી શંકાસ્પદ સંજોગો ન હોય તેવા કિસ્સામાં બેરર ચેક અથવા કોરા શેરાવાળા ચેકની ચૂકવણી ચોરને પણ કરવામાં આવી હોય તો તે યથાર્થ ચુકવણી ગણાય.

- **નાણાં ચૂકવનાર બેકરને મળતું કાયદેસરનું રક્ષણ (Statutory Protection Available to a Paying Banker) :**

ગ્રાહકે લખેલા ચેકનાં નાણાં ચૂકવવાની બૅંકરની કાયદેસરની ફરજ છે. જો બૅંકર ચૅકનાં નાણાં ચૂકવવામાં બેદરકારી દાખવે તો બેંકર એને માટે જવાબદાર ઠરે છે અને ચૅકની ચૂકવેલી રકમ તે ગ્રાહકને ખાતે ઉધારી શકતો નથી. ઘણીવાર એવું બને કે બેંકરે પૂરતી કાળજી રાખી હોય અને શુદ્ધ

દાનતથી ચેકનાં નાણાં ચૂકવ્યા હોય છતાં ખોટી વ્યક્તિને નાણાં ચુકવાઇ ગયા હોય. આવા સંજોગોમાં જો બેંકરને જવાબદાર ઠેરવવામાં આવે તો બૅંકર મુશ્કેલીમાં મુકાઇ જાય. દિવસ દરમિયાન એશે ઘણા ચેકોનાં નાણાં ચૂકવવાનાં હોય છે. બધા જ ચેક પરના બધા જ શૅરા સાચા છે તે જાણવાનું બેંકરને માટે કોઇ સાધન નથી. આથી આવા સંજોગોમાં નાણાં ચૂકવનાર બૅંકરને કાનૂની રક્ષણ આપવામાં આવ્યું છે. શાખી વિનિમયપત્ર ધારાની કલમ-૮૫ (૧), ૮૫ (૨), ૮૯ અને ૧૨૮માં આવા રક્ષણ અંગે જોગવાઇ કરવામાં આવી છે.

ચેક અંગેના બધા જ પક્ષકારો – પેયી અને શૅરાકરનારા – ની સહીની બેંકરને જાણ હોતી નથી- તે જાણવા માટે બંધાયેલો પણ નથી. એક લખનાર પોતાના ગ્રાહકની સહી બરાબર છે કે નહીં તે જોવાની તેની ફરજ છે. આથી ચેક લખનારની બનાવટી સહીવાળા બેંકની બાબતમાં બૅંકરને કાયદેસરનું કોઇ રક્ષણ મળી શકતું નથી. ચેક પર શૅરા કરનારાઓની સહીની યથાર્થતા વિષેની ખાતરી કરવા માટે તેની પાસે કોઇ વ્યવસ્થા હોતી નથી. આથી શાખી વિનિમયપત્ર ધારાની કલમ-૮૫માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે હુકમ મુજબ ચૂકવવાના (ઓર્ડર) ચેક ઉપર ‘પેયી’ અગર તેના વતી બીજા કોઇએ શૅરો કર્યો હોય એમ જણાતું હોય ત્યારે બેંકર નાણાંની યથાર્થ ચૂકવણી કરીને તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે.

તે જ પ્રમાણે કલમ-૮૫(૨)ની જોગવાઇ પ્રમાણે જો કોઇ ચૅક શરૂઆતથી બૅરર ચેક હોય અને તે ચૅક પર સંપૂર્ણ શૅરો હોય અથવા સાદો શૅરો હોય અને તે શૅરો ચેકની માલિકી હેરફેર કરવાના હક્કને મર્યાદિત કરતો હોય અથવા નાબૂદ કરતો હોય તોપણ તેવા ચૅકના ધરાવનાર (bearer)ને નાણાંની યથાર્થ ચુકવણી (payment In due course) કરી બેંકર તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે.આની પાછળનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે પાછળથી માલમ પડે કે ચૅક ખોટી રીતે વટાવવામાં આવ્યો હતો તો પણ બેંકર દ્વારા શુધ્ધ દાનતથી કરવામાં આવેલી ચૂકવણી નિયમિત ચૂકવણી ગણાય છે.

આવી રીતે ચૂકવેલા ચૅકની રકમ તે ગ્રાહકને ખાતે ઉધારી શકે છે. બેંકરની સાથે સાથે ચૅક લખનાર ગ્રાહક (drawer) પણ એની જવાબદારીમાંથી મુક્ત થાય છે. એક વખત ચૂક ધરાવનારને (defacto holder) યથાર્થ ચૂકવણી કર્યા પછી કાયદેસરના ચૅક ધરાવનાર (Holder Dejure) તરફથી ચૅક રજૂ કરવામાં આવે અને ચૅના નાણાં ચૂકવાઇ ગયા છે એમ દર્શાવી બેંકર નાણાં ચૂકવવાનો ઇન્કાર કરે તો તે અયોગ્ય નકાર ગણાતો નથી.

આમ આ કલમ once a bearer cheque always a bearer cheque ના સિદ્ધાંત અનુસાર નાણાં ચૂકવનાર બૅંકરને રક્ષણ આપે છે.

ક્રોસ્ડ ચેકની યથાર્થ ચુકવણી કરનાર બેંકર પણ તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે. કલમ-૧૨૮ની જોગવાઇ અનુસાર તેને આવું રક્ષણ મળે છે. જો નીચેની બે શરતોનું પાલન કરીને બેંકર ક્રોસ્ડ ચેકની ચૂકવણી કરે તો તેને કલમ ૧૨૮ હેઠળ રક્ષણ મળે છે : (૧) જો તેણે યથાર્થ ચૂકવણી કરી હોય. (ક્લમ ૧૦ની જોગવાઇ અનુસાર) એટલે કે શુદ્ધ દાનતથી અને બેદરકારી વગર અને ચેકના દેખીતા ઇરાદા અનુસાર (૨) ક્રોસીંગની જોગવાઇ અનુસાર ચૂકવણી કરવામાં આવી હોય (કલમ ૧૨૬ની જોગવાઇ અનુસાર) એટલે કે, જો ચેક પર ખાસ ક્રોસિંગ કરવામાં આવ્યું હોય તો નાણાં ચૂકવનાર બેંકરે ક્રોસિંગમાં દર્શાવેલી બેંકને અને સામાન્ય ક્રોસિંગ કરવામાં આવ્યું હોય તો કોઇ પણ બેંકને નાણાં ચૂકવવાના હોય છે. તેના પર કોઇ શેરો બનાવટી હોય તો પણ તેની કોઇ જવાબદારી ઉત્પન્ન થતી નથી. (સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા વિ. એન. ગોપીનાથન કેસના ચુકાદા અનુસાર) જો બેંકરને ચૂંક અંગે કોઇ શંકા પડે તો તેણે ચૂકવણી મુલતવી રાખવી જોઇએ અને તેના ગ્રાહક પાસેથી કન્ફરમેશન મેળવવું જોઇએ.

ચુકવણી માટે રજૂ થયેલો બેંક ક્રોસ્ડ ચેક ન હોય અથવા તેના પરનું ક્રોસિંગ છેકી નાખવામાં આવ્યું છે એમ લાગતું ન હોય તો એવા ચેકની યથાર્થ ચુકવણી કરનાર બેંકર તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે. કલમ-૮૯ની જોગવાઇ અનુસાર તેને આવું રક્ષણ મળે છે.

આમ ઉપરની લમોની જોગવાઇ અનુસાર, નાણાંની યથાર્થ ચુકવણી કરનાર બેંકર તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે. ચેકની ચૂકવેલી રકમ તેના ગ્રાહકને ખાતે ઉધારી શકે છે, એટલું જ નહિ પણ ચેક રજૂ કરનારને યથાર્થ ચુકવણી કર્યા પછી તેના કાયદેસરના માલિકને નાણાં ચૂકવવાનો ઇનકાર કરવામાં આવે તો તે ચેકનો નકાર ગણાતો નથી.

બેંકરની સાથે સાથે ચેક લખનાર પણ તેની જવાબદારીમાંથી મુક્ત થાય છે અને પાછળથી ચેકના સાચા માલિકને નાણાં ફરીથી ચૂકવવા માટે પણ તે જવાબદાર ગણાતો નથી.

આ કલમ હેઠળ બેંકરને જે કાનૂની રક્ષણ મળે છે તે ખોટા શેરા અંગે જ છે, ચેક લખનારની સહી બનાવટી હોય તો તેવા ચેકની ચુકવણી કરનાર બેંકરને કોઇ રક્ષણ મળતું નથી, અનિયમિત ઘેરાવાળા અથવા મહત્ત્વના ફેરફારવાળા અથવા ચેક લખનારની બનાવટી સહીવાળા ક્રોસ્ડ ચેકની ચૂકવણી કરનાર બેંકરને ક્લમ ૧૨૮ અનુસારનું કાયદેસરનું રક્ષણ મળતું નથી.

કાયદાની જુદી જુદી કલમો હેઠળ મળતું રક્ષણ મેળવવા માટે બેંકરે સાબિત કરવું પડે છે કે તેણે કરેલી ચુકવણી યથાર્થ ચુકવણી (payment in due course) હતી. આમ આ કલમોની જોગવાઇ અનુસાર બેંકરને તેની જવાબદારીમાથી મુક્ત કરવા માટે નાણાંની યથાર્થ ચુકવણી એક મહત્વની બાબત છે.

- **બેંકરે ભૂલથી ચૂકવેલાં નાણાં (Payment Made by a Banker Through Mistake:**

ભૂલથી ચૂકવાયેલાં નાણાં પાછા મેળવવાની દરેક બેંકરને ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. પણ ભૂલથી ચૂકવાયેલાં નાણાં બેંકર પાછાં મેળવી શકે કે કેમ એનો આધાર સંજોગો પર રહે છે.

બેંકરથી ભૂલ થવાના કારણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) ધ્યાન બહાર જવાને કારણે (oversight)

(૨) ફરજ પ્રત્યેની બેદરકારીને કારણે (Negligence

(3) કામનું દબાણ (Rush of work)

(૪) કાયદાના અજ્ઞાનને કારણે બિનકાર્યક્ષમતા (Inefficiency due to ignorance of law)

<u>બેંકર નીચેની બેમાંથી કોઇ એક રીતે ભૂલથી નાણાં ચૂકવી દે છે:</u>

(૧) ચેક અથવા વિનિમયપત્રનાં નાણાં કાઉન્ટર પર ચૂકવીને

(૨) ખાતામાં રકમ જમા કરીને

બૅંકરથી થયેલી ભૂલ કાં તો –

(૧) કાયદાની ભૂલ હોય અથવા (૨) હકીકતની ભૂલ

(૧) કાયદાની ભૂલ :

આવી ભૂલ કયાં તો કાયદાની અજ્ઞાનતાને કારણે થાય અથવા બૈંકિંગ કંપની ધારાની જોગવાઇઓ અંગે બેદરકારીને લીધે થાય. નીચેના સંજોગોમાં બૅંકર દ્વારા કાયદાની ભૂલ થયેલી ગણાય :

૧. ગ્રાહકે ચૂકવણી નહીં કરવા માટે આદેશ countermanding payment) આપ્યો હોવા છતાં બેંકરે નાણાંની ચૂકવી કરી હોય.

૨. ગ્રાહકના ખાતામાં અપૂરતી સિલક હોવા છતાં બેંકરે ગ્રાહકના ચેકની ચૂકવણી કરી હોય.

3. બૅંકરે ગ્રાહકના ચેંકના નાણાં કામકાજના સમય પહેલા અથવા પછી ચૂકવ્યા હોય.

૪. રદબાતલ ચેક (stale cheque) અથવા ઉત્તરમિતિ ચેંકના નાણાં બૅંકરે ચૂકવ્યા હોય.

૫. ક્રોસ્ડ ચેકના નાણાં કાઉન્ટર પર ચૂકવ્યા હોય.

ભારતની બેંકોને ભારતના કાયદાનું જ્ઞાન હોવું જ જોઇએ અને જો આ દેશના કોઇ કાયદાની ભૂલને કારણે તે નાણાં ચૂકવી દે તો તે પાછાં મેળવી શકાતાં નથી. આ ભૂલ ચૂક લખનાર અને બેંકર વચ્ચેની છે. પેયોર અને પેયી વચ્ચેની નથી. આથી આવી ભૂલના કારણે ચૂકવેલા નાણાં બેંકર પરત મેળવી શકતો નથી. એણે નુકસાન સહન કરવું જ પડે. હોલ્ટ વિ.

મર્ખમ કેસમાં બેંકરે કાયાના ખોટા અર્થઘટનને કારણે ગ્રેજ્યુઈટીની વધારે રકમ ચૂકવી દીધી હતી. ગ્રેજ્યુઈટીની વધારાની ચૂકવેલી રકમ બેંકર વસૂલ કરી શક્યો નહીં.

(૨) હકીકતની ભૂલ:

આવી ભૂલ કયાંતો વિષય વસ્તુને લગતી હોય અથવા પક્ષકારની ખોટી ઓળખને લગતી હોય. હકીકતની ભૂલને કારણે નાણાંની ચૂકવણી થઇ હોય ત્યારે સામાન્ય રીતે બેંકરને નાણાં પાછા મેળવવાનો અધિકાર હોય છે. આવો અધિકાર અમુક શરતોને આધિન હોય છે.

૧. આવી ભૂલ નાણાં ચૂકવનાર અને નાણાં મેળવનાર વચ્ચે થયેલી હોવી જોઇએ. દા.ત., ક્ષ ના બદલે ભૂલથી ય ના ખાતે રકમ જમા થઇ ગઇ હોય તો ભૂલ નાણાં ચૂકવનાર બેંકર અને નાણાં મેળવનાર ય વચ્ચે થઇ હોવાથી બેંકર તે નાણાં પાછાં મેળવી શકે. પણ જો ક્ષ ની સૂચનાથી ય ને ખાતે રકમ જમા કરવામાં આવી હોય અને પાછળથી માલમ પડે કે ક્ષ ના ખાતામાં પૂરતી સિલક ન હતી તો પણ બેંકર તે રકમ પાછી મેળવી શકે નહીં કારણકે એ ભૂલ નાણાં ચુકવનાર બેંકર અને નાણાં મેળવનાર ય વચ્ચે થઇ નથી.

ગ્રાહકના ખાતામાં પૂરતી સિલક ન હોવા છતાં બેંકરે ગ્રાહકના ચેકના નાણાં ચૂકવી દીધા હોય તો આવી ભૂલ બેંકર અને ચેક લખનાર વચ્ચેની ભૂલ છે. આથી પેયી પાસેથી બેંકર નાણાં પરત મેળવી શકે નહીં.

ચેમ્બર વિ. મિલરના કેસમાં એક ચેક રજૂ થયો ત્યારે બેંકે તેનાં નાણાં ચૂકવી દીધાં. પ પાછળથી માલમ પડયું કે લખનાર ગ્રાહકના ખાતામાં પૂરતી સિલક ન હતી. ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે એ ભૂલ બેંકર અને એના ગ્રાહક વચ્ચે થઇ હતી અને આથી જેને નાણાં ચૂકવવામાં આવ્યાં છે તે વ્યકિત નાણાં પરત કરવા માટે જવાબદાર નથી.

૨. આવી ભૂલ નાણાં ચૂકવનાર અને નાણાં મેળવનાર વચ્ચેના ખરેખર વ્યવહાર દરમિયાન થયેલી હોવી જોઇએ. જે વ્યકિતને ભૂલથી નાણાં ચૂકવાયા હોય તે વ્યકિતએ તે નાણા શુદ્ધ દાનતથી લીધાં નહીં હોય

ત્યારે તેની પાસેથી નાણાં વસૂલ થઇ શકે છે. કેન્ડલ વિ. વુડના કેસમાં એક ભાગીદારે તેનું અંગત દેવું ચૂકવવા માટે પેઢીના નાણાંની ઉચાપત કરી હતી. એ નાણાં એની પોતાની માલિકીના નથી અને એ નાણાં પોતાના અંગત દેવા માટે વાપરવામાં તે ભાગીદાર તરીકે પોતાની સત્તા બહારનું કાર્ય કરતો હોવાની તેને ખબર હોવાથી તે નાણાં પરત કરવા માટે તેને જવાબદાર ગણવામાં આવ્યો.

૩. નાણાં ચૂકવાઇ ગયા પછી નાણાં લેનારની પરિસ્થિતિ બદલાઇ ગઇ હોવી જોઇએ નહીં પણ લર્નર વિ. લંડન કન્ટ્રી કાઉન્સિલના એક આધુનિક કેસમાં એવો ચુકાદો આપવામાં આવ્યો હતો કે જયારે ભૂલથી નાણાં ચૂકવાયાં હોય ત્યારે જો નાણાં મેળવનારની કસૂર હોય અને નાણાં ચૂકવનારની કસૂર નહીં હોય તો નાણાં મેળવનાર તે નાણાં પરત કરવા માટે જવાબદાર છે. ભૂલથી ચૂકવાયેલાં નાણાં એણે પૂરેપૂરાં વાપરી નાખ્યાં છે તે બચાવ ચાલી શકે નહીં.

૪. બે પક્ષકાર વચ્ચે હકીકતની ભૂલને કારણે ચૂકવાયેલાં નાણાં વસૂલ થઇ શકે એ નિયમના નીચે મુજબના અપવાદ છે :

(અ)જયારે નાણાં ચૂકવનાર પર ભૂલ સુધારવા અંગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય. જો ગ્રાહકે શુદ્ધ દાનતથી નાણાં લીધા હોય અને એની પરિસ્થિતિમાં ફેરફાર કર્યો હોય તો બૅંકર ભૂલથી ચૂકવેલાં નાણાં વસૂલ કરી શકતો નથી. (હોલેન્ડ વિ. માન્ચેસ્ટર અને લિવરપુલ ડિસ્ટ્રિક્ટ બૅન્કિંગ કંપની લિમિટેડના કેસના ચુકાદા અનુસાર). પણ ઉપર જોઇ ગયા તે મુજબ લર્નર વિ. લંડન કન્ટ્રી કાઉન્સિલના કેસના ચુકાદા અનુસાર નાણાં મેળવનારે પોતાની પરિસ્થિતિ ફેરવી નાખી છે ફક્ત એ જ બચાવ ચાલી શકે નહીં. નાણાં ચૂકવનારના પક્ષે કસૂર હોવી જોઇએ. નાણાં મેળવનારના પક્ષે કસૂર હોવી જોઇએ નહીં.

(બ) જયારે હકીકતની ભૂલ કોઇ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના સંદર્ભમાં હોય. ગ્રાહકના ખાતામાં ચુકવણી કરવા માટે પૂરતા નાણાં ન હોય તો પણ જો બેંકર કોઇ ચેક અથવા વિનિમયપત્રનાં નાણાં ચૂકવે તો ઇન્સ્ટ્રુમેન્ટના નિદોર્ષ હોલ્ડર પાસેથી બૅંકર નાણાં વસૂલ કરી શકતો નથી. કોકસ વિ. માસ્ટરમેનના કેસના ચુકાદા અનુસાર. પણ જો નાણાં લેનાર શુદ્ધ દાનતથી નાણાં લેતો નહીં હોય તો બૅંકર એની પાસેથી નાણાં વસૂલ કરી શકે છે. દા.ત. ઇન્સ્ટ્રુમેન્ટ રજૂ કરનાર જાણતો હોય કે એના પરનો શૅરો બનાવટી છે તો બેંકર તેની પાસે નાણાં વસૂલ કરી શકે છે. ચેક પર ડ્રોઅરની સહી બનાવટી હોય અથવા વિનિમયપત્ર પર સ્વીકારનારની સહી બનાવટી હોય તો હોલ્ડર નિર્દોષ હોય તો પણ ભૂલથી ચૂકવાયેલા નાણાં બૅંકર વસૂલ કરી શકે છે.

(ક) જયારે પ્રિન્સીપાલના વતી એજન્ટે નાણાં મેળવ્યા હોય અને ભૂલની એને જાણ થાય તે પહેલાં એણે નાણાં પ્રિન્સિપાલને ચૂકવી દીધાં હોય.

જો હકીક્તની ભૂલને કારણે એજન્ટને નાણાં ચૂકવાયાં હોય અને એજન્ટે પ્રિન્સિપાલના વતી તે નાણાં મેળવ્યાં હોય તો જો એજન્ટની પરિસ્થિતિમાં ફેરફાર થયો ન હોય તો બેંકર એની પાસેથી નાણાં વસૂલ કરી શકે છે. પણ જો એજન્ટે એ નાણાં પ્રિન્સિપાલને ચૂકવી દીધાં હોય તો બેંકર એની પાસેથી નાણાં વસૂલ કરી શકે નહીં. પણ એજન્ટે આવાં નાણાં એજન્ટ તરીકેની નિયતમાં જ મેળવેલાં હોવાં જોઇએ. જો બેંકર એમ સાબિત કરી શકે કે તેણે એ નાણાં પ્રિન્સિપાલની હેસિયતમાં મેળવ્યાં હતાં તો બૅંકર તેના પાસેથી નાણાં વસૂલ કરી શકે.

કેરીસન વિ. ગ્લીન મિલ્સ ઍન્ડ કાં.ના કેસમાં બેંકરના એક ગ્રાહકના ખાતે એક વ્યક્તિએ હકીકતની ભૂલથી નાણાં જમા કરાવ્યાં. પાછળથી ભૂલ માલૂમ પડી ત્યારે એ વ્યક્તિએ બેંક પાસેથી નાણાં પાછાં મેળવવા માટે માંગણી કરી. બેંકે બચાવમાં એમ જણાવ્યું કે ગ્રાહકે મોટી રકમ બેંકને ચૂકવવાની હોવાથી ગ્રાહકના ખાતા પર બેંકરનો લિયન છે. ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે બૅંકરના વિયનની કોઇ અસર ગ્રાહક અને ત્રાહિત પક્ષ વચ્ચેની ભૂલ પર પડે નહીં. બેંકરે એના ગ્રાહકના એજન્ટ તરીકે નાણાં સ્વીકાર્યાં હતાં, પ્રિન્સિપાલ તરીકે નહીં. આથી બેંકર નાણાં પાછા આપવાં માટે જવાબદાર ગણાયો.

પણ જો બેંકરે ગ્રાહકને તે નાણાં ઉપાડવા દીધાં હતે અથવા ખાતાં ભેગાં કરવાના પોતાનાં અધિકારનો ઉપયોગ કર્યો તે તો નાણાં ચૂક્વનાર ત્રાહિત પક્ષ બૅંકર પાસેથી નાણાં વસૂલ કરી શકતે નહીં.

<u>**ભૂલથી ચૂકવાયેલા નાણાં બેકર કયા સંજોગોમાં પરત મેળવી શકતો નથી :**</u>

નાણાં ચૂકવનાર બેંકરે નાણાંની ચૂકવણી વખતે બેદરકાર રહેવું જોઇએ નહીં કે ભૂલ કરવી જોઇએ નહીં. જો ભુલને કારણે કોઇને વધારે નાણાં ચૂકવાઇ જાય અને નાણાં મેળવનારને ભૂલની ખબર નહીં હોય અને પ્રમાણિકપણે અને નિર્દોષપણે તે નાણાંનો એવી રીતે ઉપયોગ કરે જેથી તે નાણાં બૅંકને પરત થઇ શકે નહીં તો બૅંકર ભૂલથી ચૂકવાયેલા નાણાં પરત મેળવી શકતો નથી.

સ્કાયરિંગ વિ. ગ્રીનવુડ નામના કેસમાં સ્કાયરિંગે ગ્રીનવુડને ભૂલથી વધારે નાણાં ચૂકવ્યા હતા. સ્કાયરિંગ અને ગ્રીનવુડ બન્ને લશ્કરમાં કામ કરતા હતા. સ્કાયર્નિંગ પગાર ચૂકવનાર ઑફિસર હતો અને ગ્રીનવુડ મેજર હતો. વધારાના મળેલા નાણાં મેળવવા માટે પોતે હક્કદાર છે એમ ગ્રીનવુડ પ્રમાણિકપણે માનતો હતો અને એ નાણાં ખર્ચી નાંખ્યા હતા. સ્કાયરિંગ એ નાણાં પરત મેળવી શક્યો નહીં.

તેવી જ રીતે ચૅક લખનારના ખાતામાં પૂરતી સિલક ન હોવા છતાં ખાતરી કર્યા વગર બેંકર ચેકના નાણાં ચૂકવી દે અને ચેકનો નિર્દોષ માલિક તે વાપરી કાઢે તો તે નાણાં બેંકર પરત મેળવી શકે નહીં.

ડ્યુશ બેંક વિ. બેઇરો ઍન્ડ કંપનીના કેસમાં આવોજ બનાવ બન્યો હતો. ગ્રાહકે પોતાની હૂંડી વસૂલાત માટે બેંકમાં મોકલી હતી. બેંકે તે હૂંડી વસૂલાત માટે પોતાની પ્રતિનિધિ બેંકને મોકલી. બીજી બેંકે ભૂલથી પહેલી બેંકને જાણ કરી કે હૂંડી વસૂલ થઇ ગઇ છે અને હૂંડીના નાણાંનો ચૅક પણ મોકલી આપ્યો જે નાણાં પહેલી બેંકે પોતાના ગ્રાહકને ચૂકવી આપ્યા. પાછળથી માહિતી મળી કે હૂંડીના નાણાં વસૂલ થયા જ નથી. બીજી બેંક પહેલી બેંક પાસેથી ભૂલથી ચૂકવાયેલા નાણાં વસૂલ કરી શકી નહીં.

<u>નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટની ચૂકવણી :</u>

નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના નાણાં ચૂકવવામાં હકીકતની ભૂલ થઇ હોય તો પણ નાણાં પરત મેળવી શકાતા નથી. લંડન ઍન્ડ રીવર પ્લેટ બેંક વિ. બેંક ઑફ લિવરપુલના કેસના ચુકાદા અનુસાર નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના ભૂલથી શકે નહીં. ચૂકવાયેલા નાણાં નિર્દોષ માલિક પાસેથી વસૂલ થઇ શકે નહિ.

નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટના નાણાં હોલ્ડરને ચૂકવાઇ જાય એટલે તે અગાઉના પક્ષકારોને નકરામણીની નૉટિસ આંપે નહિં. જો આ નાણાં ભૂલથી ચૂકવાયા હોય અને હોલ્ડરને તે પરત કરવાનું કહેવામાં આવે તો તે નકરામણીની નૉટિસ આપી શકતો નથી અને નિર્દોષ હોલ્ડરના હિતને નુકસાન થાય છે. પણ આના બે અપવાદ છે :

૧. જે દસ્તાવેજમાં માલિકી હકની ફેરબદલીનું રક્ષણ નહીં હોય તેવા દસ્તાવેજની બાબતમાં ભૂલથી ચૂકવાયેલા નાણાં પરત મેળવી શકાય છે. દા.ત. કોઇ દસ્તાવેજમાં અગાઉનો કોઇ જવાબદાર પક્ષકાર જ નહીં હોય તો નકરામણીની નોટિસ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને માલિકના હિતને કોઇ નુક્સાન થતું નથી આથી ભૂલથી ચૂકવાયેલા નાણાં પરત મેળવી શકાય.

૨. જે દસ્તાવેજ મૂળથી ગેરકાયદેસર અથવા રદબાતલ હોય – દા.ત. બનાવટી સહીવાળો ચેક – તેવા દસ્તાવેજના ભૂલથી ચૂકવાયેલા નાણાં પરત મેળવી શકાય. પરંતુ જો આવો ચૂક હોલ્ડર ઇન ડયુ કોર્સના હાથમાં આવે અને તેને ભૂલથી નાણાં ચૂકવાઇ ગયા હોય તો તે પરત મેળવી શકાતા નથી.

<u>એજન્ટને ભૂલથી ચૂકવાયેલા નાણાં :</u>

જ્યારે બેંકરે ભૂલથી એજન્ટને નાણાં ચૂકવ્યા હોય અને એજન્ટ તે નાણાં એના પ્રિન્સીપાલને ચૂકવી દીધા હોય અથવા ભૂલ માલમ પડે તે પહેલાં વાપરી નાંખ્યા હોય તો ભૂલથી ચૂકવાયેલા નાણાં એજન્ટ પાસેથી વસૂલ થઇ શકે નહીં.